સી.સી. નં.૩૫૨૦/૨૦૨૩

**<u>આંક–૭ની અરજી તળે હુકમ:–</u>**

(૧) અરજી વંચાણે લીધી.અરજદાર તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળી. ફરિયાદ પક્ષે વિ.એ.પી.પી.શ્રીને સાંભળ્યા.

(૨) અરજદાર–આરોપી સૂરજ શૈલેષ ભંડારીનાઓએ હાલની અરજી આપીને જણાવેલ છે કે, અરજદારને વેપારીક કારણોસર તા.૦૧–૦૮–૨૦૨૬ સુધી વિદેશ જવાનુ હોવાથી ભારત દેશની હદ છોડી પરદેશ જવા માટે પરવાનગી માંગેલ છે.

(૩) આ કામના અરજદાર/આરોપી વિરુધ્ધ સાંતેજ પો.સ્ટે. પ્રોહી.ગુ. રજી. નં.૧૧૨૧ ૬૦૨૫૨૧૦૦૪૪/૨૧ થી ગુનો નોંધાયેલ છે. અરજદારે નામદાર ગુજરાત હાઈકોર્ટમાં ક્રિ.પ.અ.નં.૮૨૬૦/૨૦૨૧ થી અધર્સ એપ્લીકેશનથી અરજી કરતા તા.૧૯–૦૯–૨૦૨૧ના રોજ આગોતરા જામીન પર મુકત કરેલા અને તે શરત નંબર ઈ મુજબ અરજદાર/આરોપીએ નામદાર કોર્ટની પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહી તથા જો પાસપોર્ટ ધરાવતા હોય તો ટ્રાયલ કોર્ટ સમક્ષ જમા કરાવવો. અરજદાર/આરોપીનો પાસપોર્ટ અત્રેની કોર્ટમાં જમા છે. અરજદાર/આરોપી અમદાવાદ મુકામે કાયમી વસવાટ કરે છે અને તેઓ ઈલેકટ્રોથર્મ ઈન્ડીયા લિ. કંપનીમાં મેનેજીંગ ડાયરેકટર છે. આમ અરજદાર સમાજમાં ખુબ જ સારી નામના અને શાખા ધરાવે છે. અરજદારને વિદેશ જવાનું હોય જેથી પાસપોર્ટ પરત મેળવવા તથા તા.૦૧–૦૮–૨૦૨૬ સુધી ભારત દેશની હદ છોડી પરદેશ જવા માટે પરવાનગી મેળવવા સારુ અરજ કરેલી છે.

(૪) આરોપીને આગોતરા જામીન ઉપર મુકત કરવામાં આવેલ છે અને કેસ ચાલતા લાંબો સમય વ્યતીત થાય તેમ હોય અને અરજદારે વિદેશ જવાની પરવાનગી માંગેલ છે. તે વ્યાજબી હોવાનું જણાય છે, કેમ કે જો આરોપીની હાલની અરજી મંજુર કરવામાં ન આવે તો તેમની સ્વતંત્રતા પર આડી તરાપ પડે તેમ હોય અને પરવાનગી આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોય અને તેમ કરવાથી ફરિયાદ પક્ષના કેસને કોઈ નુકશાન થવાનુ જણાઈ આવતુ ના હોઈ, તેવા સંજોગોમાં હાલની હકીકતો અને સંજોગો જોતા અરજદાર/આરોપી કેસ ચાલતા દરમ્યાન હાજર રહી શકે તેવી યોગ્ય શરતોને આધીન અરજદાર/આરોપીની માંગણી મુજબ પાસપોર્ટ પરત આપાવા તથા ઉપર જણાવેલ સમય માટે વિદેશ જવા પરવાનગી આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ જેથી અરજદારની અરજી મંજુર થવા પાત્ર હોઈ, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ ::</u>**

(૧) અરજદાર/આરોપી સુરજ શૈલેષભાઈ ભંડારીનાઓની હાલની અરજી મંજુર કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીએ રોકડા રૂપિયા રૂા.૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ) પુરા રોકડ જામીનગીરી પેટેની રોકડ રકમ અત્રેની કોર્ટમાં જમા કરેથી તેઓને પાસપોર્ટ પરત આપવા તથા તા.૦૧–૦૮–૨૦૨૬ સુધી ભારત દેશ છોડી વિદેશ જવાની પરવાનગી આપવામાં આવે છે. અગર આરોપીની સદર રકમ નામદાર કોર્ટમાં જમા હોય તો તે રકમ મજરે આપવી.

(૩) અરજદાર/આરોપીએ ભારત દેશ કયારે છોડવાના છે તથા વિદેશથી કયારે તેઓ ભારત પરત આવવાના છે તે બાબતની ચોકકસ તારીખ, સમય, સ્થળ સહિતની તેમજ ઉપરોકત સમય દરમ્યાન તેઓ કયા રહેવાના છે તે અંગેનું ચોકકસ સરનામા સહિતની તમામ વિગતો અંગે અરજદારે સોગંદનામુ જાહેર કરી આપવાનું રહેશે.

(૪) અરજદાર/આરોપી ભારત પરત આવ્યેથી એક અઠવાડીયામાં અરજદાર/આરોપીએ કોર્ટમાં હાજર થઈ પાસપોર્ટ જમા કરવાનો રહેશે.

(૫) અરજદાર/આરોપીએ ભારતમાં પરત આવ્યેથી તેવી પુરશીસ જાતે હાજર રહી રજુ કરેથી ડીપોઝીટની રકમ અરજદાર/આરોપીને પરત આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૬) કોઈ પણ શરત ભંગ કર્યેથી ડિપોઝીટ પેટેની રકમ ફોરફીટ કરવામાં આવશે.

હુકમ આજરોજ **તા. ૦૫** મી માહે **માર્ચ** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**કલોલ.** **(વી.એચ.ઠકકર)**
**તા.૦૫/૦૩/૨૦૨૬.** **બીજા એડી.જયુડી.મેજી.ફ.ક.**
**કલોલ,જીજે ૦૧૬૯૬**